પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૪ | ૨૪ જુન, ૨૦૧૯, સોમવાર; જયેષ્ઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

શોપિયામાં એન્કાઉન્ટરમાં ચાર આતંકી ઠાર

સેનાએ આતંકીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો-દારૂગોળો જપ્ત કર્યો : ચાર દિવસ પહેલાં જ સેનાએ અનંતનાગમાં જૈશના બે આતંકીઓને ઠાર કર્યા હતા જેમાં સજ્જ અહમદ ભટ્ટ પણ સામેલ હતો : ત્રાસવાદીઓની યોજના ઉપર પાણી ફરી વળ્યું : છેલ્લા ઘણા દિવસથી ઘુસણખોરી વધી જતા સુરક્ષા જવાન વધુ સાવધાન : ઓપરેશન દ્વારા ત્રાસવાદીઓની શોધખોળ

શોપિયન,તા.૨૩

જમ્મુ-કાશ્મીરમાં સક્રિય આતંકવાદીઓ સેના અને સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવવાના સતત પ્રયાસો કરી રહ્યા છે. જોકે, તેમના પ્રયાસો ઉપર સુરક્ષાદળોએ પાણી ફેરવી રહ્યા છે. આજે બીજા દિવસે સુરક્ષાદળોએ આતંકવાદીઓની મોટી હુમલાની યોજના ઉપર પાણી ફેરવી દીધુ હતું. સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. આજે વહેલી પરોઠે ખીણમાં ઘુસણખોરી કરનાર ચાર આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. ચારેય ત્રાસવાદીઓ ખુબ જ ખુખાર હોવાનુ જાણવા મળ્યું છે. ઠાર મરાયેલા આતંકવાદીઓની પાસેથી મોટા પ્રમાણમાં ઘાતક હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓની ઓળખ ચાંદપોરાના શૌકત અહેમદ, પુલવામાના અહેમદ ખાંડે, બરથિપારોના સુહેલ યુસુફ અને શોપિયાનના રફિ હસન તરીકે થઈ છે. થોડા દિવસ પહેલા આતંકવાદીઓને ફટકો પડ્યો હતો. હાલમાં ત્રાસવાદીઓની ઘુસણખોરી એકાએક વધી ગઈ છે. સતત સર્ચ ઓપરેશન કરીને ત્રાસવાદીઓને સોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. દક્ષિણ કાશ્મીરમાં શોપિયનના કિગમમાં દારમદોરા વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

ડેરા સમર્થકની હત્યા બાદ પંજાબમાં એલર્ટ

નાભા જેલમાં ડેરાપ્રેમી મહિન્દરપાલ બિટ્ટુની હત્યા બાદ સમગ્ર પંજાબમાં હાઈએલર્ટ જાહેર કરાયુ છે. બઠિંડાના સલાબતપુર સ્થિત ડેરાની સુરક્ષા માટે બીએસએફની એક કંપનીને તૈનાત કરવામાં આવી છે. પોલીસે વાહનોનુ ચેકીંગ કર્યુ હતુ.

લોજપાના વિધાનસભ્યને બંધક બનાવાયા

ચમકી તાવના કારણે બિહારના વૈશાલી જિલ્લાના હરિવંશપુર ગામે સાત બાળકોના મૃત્યુ નિપજ્યા છે. લાલગંજના લોક જનશક્તિ પાર્ટીના ધારાસભ્ય રાજકુમાર શાહ આ ગામની મુલાકાતે જતા ગામવાસીઓએ તેમના વિરૂદ્ધ નારેબાજી કરી હતી અને બંધક બનાવી લીધા હતા.

ચોરીના આરોપસર પાયલોટ સસ્પેન્ડ

એર ઈન્ડિયાએ એરપોર્ટ પર આવેલી દુકાનમાંથી સામાન ચોરી કરવાના આરોપમાં કેપ્ટનને સસ્પેન્ડ કરી દીધો છે. કેપ્ટન રોહિત ભસીને સિડની એરપોર્ટ પરથી ચોરી કરી હતી.

વિરાટ કોહલીને વધારે પડતી અપીલ બદલ જંગી દંડ

મેચ ફીની ૨૫ ટકા રકમનો કોહલીને દંડ થયો : વારંવાર અપીલ કરવાના પરિણામે કોહલીની સામે પગલા

સાઉથમ્પ્ટન,તા. ૨૩

વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન સામે રમાયેલી મેચમાં વધારે પડતી અપીલ કરવા બદલ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીને દંડ ફટકારવામાં આવ્યો છે. વિરાટ કોહલીને મેચ ફીની ૨૫ ટકા રકમનો દંડ કરવામાં આવ્યો છે. શનિવારના દિવસે અફઘાનિસ્તાન સામે રમાયેલી મેચમાં આઈસીસીના નિયમોના ભંગ બદલ તેને દોષિત ઠેરવીને આ સજા કરવામાં આવી હતી. આંચારસહિતાના લેવલ એકના ભંગના મામલામાં તેને દોષિત ઠહેરવામાં આવ્યો છે. આઈસીસી દ્વારા નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે, કોહલીને આઈસીસીની આંચારસહિતાનો ભંગ કરવા બદલ સજા કરવામાં આવી છે. આઈસીસીના નિયમ ૨.૧ હેઠળ તેને દોષિત જાહેર કરાયો છે. આ નિયમ મુજબ કોઈ આંતરરાષ્ટ્રીય મેચમાં ખેલાડી દ્વારા વધારે પડતી અપીલ કરવાના મામલામાં દંડ કરવામાં આવે છે. અફઘાનિસ્તાનની મેચમાં ૨૯મી ઓવરમાં કોહલી એલબીની અપીલ કરીને અંપાયર અલીમ ડાર તરફ આગળ વધ્યો હતો. કોહલીએ મેચ રેફરી ક્રિસ બ્રોડની સામે પોતાની ભુલ સ્વીકારી લીધી હતી. જેથી કોહલીની સામે કોઈ સત્તાવારની કાર્યવાહીની જરૂર ન હતી. આની સાથે જ કોહલીના ખાતામાં એક ડી મેરિટ પોઈન્ટ જોડી દેવામાં આવ્યો હતો.

ટ્રમ્પ ઈરાન પર કડક પ્રતિબંધ લગાવાશે

આજે ટ્રમ્પ ઇરાન પર પ્રતિબંધ લગાવવાનું એલાન કરે તેવી સંભાવના : ઇરાનની સામે સૈન્ય કાર્યવાહી કરવા અંગે પણ વિચારણા : ટ્રમ્પ

વૉશિંગ્ટન,તા.૨૩

અમેરિકાના શક્તિશાળી સર્વિલન્સ ડ્રોનને તોડી પડાયા બાદ ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ખુબ જ વધી ગયો છે. ગત દિવસોમાં અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિક્ષદની બેઠક બોલાવવાનો આગ્રહ કર્યો છે. હવે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે સોમવારે વધુ એક નવો પ્રતિબંધ લગાવવાનું એલાન કર્યુંછે. આ ઉપરાંત ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે, ઈરાન સામે સૈન્ય કાર્યવાહી પર પણ વિચાર કરી રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું કે, ઈરાન સામે સોમવારે નવા પ્રતિબંધ લગાવાશે. જો કે ટ્રમ્પે તેના પહેલાં જ કહ્યું હતું કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવવાનું કામ કરવાનું બંધ કરી દે તો, અમેરિકા તેનું સારું દોસ્ત બની શકે છે.

ટ્રમ્પે ટ્વીટ કર્યું કે, અમે ઈરાનની ઉપર સોમવારે નવા પ્રતિબંધ લગાવવા જઈ રહ્યા છીએ. જો કે તેઓએ એમ પણ કહ્યું કે, હું એ દિવસની રાહ જોવું છું, જ્યારે ઈરાનની ઉપર તમામ પ્રતિબંધો હટાવી લેવામાં આવશે. અને તે ફરીથી પ્રોડક્ટિવ તેમજ સમૃદ્ધ દેશ બની જશે. આ જેટલું જલ્દી થાય તેટલું સારું છે.

આ ઉપરાંત ટ્રમ્પે કહ્યું કે, તે ઈરાનની સામે સૈન્ય કાર્યવાહી

● અનુસંધાન પાન-૭ પર

શ્રદ્ધાંજલિ

સ્વ. શ્રી જ્યોતિન્દ્રભાઈ વ્યાસ

પરિવાર જેમનું મંદિર હતું, સેવા જેમની પૂજા હતી,
સ્નેહ જેમની શક્તિ હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું.
સદાય હસતો ચહેરો જેમની ઓળખ હતી.
મારા જીવનના પથદર્શક-માર્ગદર્શક એવા
પરમ સ્નેહીને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ...
પ્રભુ આપના આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના...

નરેશ ઠાકર
બેસ્ટબોય ફાઈનાન્સિયલ સોલ્યુશન
(ઓથો. પર્સન - કોટક સિક્યુરિટીઝ)

બાડમેરમાં રામકથા દરમિયાન મંડપ ધરાશાયી

દુર્ઘટનામાં ૧૭ મોત : ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત હજુ પણ ગંભીર : બાડમેરના જસોલ ગામમાં રામકથાનુ આયોજન કરવામાં આવ્યું હતું : વિશાળ મંડપ એકાએક પ્રચંડ આંધી તેમજ વરસાદથી ધરાશાયી થતા દુર્ઘટના સર્જાઈ

બાડમેર,તા. ૨૩

રાજસ્થાનના બાડમેરના બાલોતરા નજીક જસોલ ગામમાં આજે પ્રચંડ આંધી અને વરસાદના કારણે મંડપ ધરાશાયી થઈ જતા ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થઈ ગયા છે. અન્ય ૭૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. ઘાયલ થયેલા તમામ લોકોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જસોલ ગામમાં સ્થિત એક ધામમાં રામકથા માટે મોટો મંડપ બનાવવામાં આવ્યો હતો. આજે બપોર બાદ એકાએક જોરદાર આંધી અને વરસાદના કારણે મંડપનો એક હિસ્સો ધરાશાયી થઈ ગયો હતો. જેથી ત્યા ઉપસ્થિત રહેલા લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. મળેલી માહિતી મુજબ લોકો અહીં રામકથા સાંભળવા માટે આવ્યા હતા. આ ગાળા દરમિયાન એકાએક જોરદાર વરસાદ તુટી પડ્યો હતો. આંધી પણ ચાલી હતી. જેના કારણે મંડપનો એક હિસ્સો ધરાશાયી થયો હતો. દુર્ઘટના બાલોતરાના જસોલ વિસ્તારમાં ઘટી હતી. મંડપમાં મોટાભાગે વૃદ્ધ મહિલાઓ અને પુરુષો રામકથા સાંભળી રહ્યા હતા. ઘાયલ થયા લોકોની સંખ્યા ૭૦થી વધુ દર્શાવવામાં આવી છે. સ્થાનિક લોકોએ ઘાયલ થયેલા લોકોને ખાનગી વાહનોથી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. તંત્ર દ્વારા પણ તમામ તબીબો અને મેડિકલ સ્ટાફને હોસ્પિટલ પહોંચી જવા કહેવામાં આવ્યુ હતું. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ટેન્ટમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ટેન્ટ પડી જવાના કારણે તેમાં કરંટ ફેલાઈ જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. બાડમેરના જસોમાં રામકથા દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

કેન્દ્રના ભ્રષ્ટ અધિકારીઓની ત્રીજી યાદી તૈયાર

ન્યુ દિલ્હી,તા.૨૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર એની બીજી મુદતમાં કેન્દ્રીય ભ્રષ્ટાચારી હોય, મહિલા કર્મચારીઓની જાતીય સતામણી કરતા હોય તેમજ વ્યવસ્થિત રીતે કામ ન કરતા હોય એવા અધિકારીઓ માટે વધારે કડક બની રહી છે. એવા અધિકારીઓની એક વધુ, ત્રીજી યાદી તૈયાર કરી છે.

આગલી બે યાદીમાં ૨૭ આઈઆરએસ (ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસ) અને કસ્ટમ્સ તથા સેન્ટ્રલ એક્સાઈઝ અધિકારીઓના નામ હતા. એમની સામે પગલાં લેવાનું શરૂ પણ કરી દેવામાં આવ્યું છે.

ગ્રામ-સેવા મંદિર, નારદીપુર

નિમંત્રણ

ગ્રામ-સેવા મંદિર નારદીપુર સંચાલિત રંગોલી પૂર્વ પ્રાથમિક શાળાનો શુભારંભ તા. ૨૫/૦૬/૨૦૧૯ મંગળવારના રોજ સવારે ૧૦ વાગ્યે રાખેલ છે. આપને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

સ્થળ - રંગોલી પૂર્વ પ્રાથમિક શાળા
ઊગરીબા કેમ્પસ, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે, નારદીપુર

ઉદ્ઘાટક

શ્રી એસ. કે. લાંગા
કલેક્ટર ગાંધીનગર

પૂજ્ય ગુરુમા
સમદર્શન આશ્રમ, ગાંધીનગર

નિમંત્રક

કૃષ્ણકાન્ત જહા
પ્રમુખ, ગ્રામ-સેવા મંદિર

પ્રહર અંજારીયા
ચેરમેન, રંગોલી ગ્રૂપ

કારોબારી સભ્યો ગ્રામ-સેવા મંદિર તથા રંગોલી ગ્રૂપ

RANGOLI®
A Colourful beginning
www.rangolischool.co.in

Toddler Care • Nursery • Jr. KG • Sr. KG

હાર્દિક શ્રદ્ધાંજલિ

અમારા બનેવી સ્વ. શ્રી જ્યોતિન્દ્રભાઈ વ્યાસ
જન્મ તા. ૩-૧૨-૧૯૫૧ ● નિધન : ૧૮-૬-૨૦૧૯

આપની ચિરવિદાયથી અમે એક કલ્પવૃક્ષ સમા વડીલ ગુમાવ્યા છે. આપનો પ્રેમાળ, માયાળુ સ્વભાવ, ઉદાર દાતા, સર્વ સાથે આત્મિયતા તથા સદ્ભાવના સાથેની પ્રેરણા કદાપી ભૂલાશે નહી.
આપ અમારી સાથે જ છો અને ક્યારેય ન વિસરાય એવી સ્મૃતિમાં અંકિત છો...
પ્રભુ આપના આત્માને ચિરશાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

મેહુલ દેવેન્દ્ર મહેતા | રૂપલ મેહુલ મહેતા
પ્રિતેશ અરવિંદભાઈ પરીખ | રૈના પ્રિતેશ પરીખ
નૈમિલ મેહુલ મહેતા | નીમા નૈમિલ મહેતા
અનીશી પરીખ ● તનીશી પરીખ

શ્રદ્ધા જ્વેલર્સ
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર